Indian Oil Corporation Limited
Bharat Petroleum Corporation Limited
Hindustan Petroleum Corporation Limited

એલપીજી ના વિતરક માટેની નિમણૂક માટેની નોટિસ

ઈંડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસી) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસી) ગુજરાત રાજ્ય ખાતે પોતાના એલપીજી ગેસના વિતરકોની નિમણૂક કરવા માટે નીચે દર્શાવેલ સ્થળો માટે અલગ અલગ શ્રેણી તરફથી અરજીઓ મંગાવે છે.

ક્રમ	તેલ વિતરક કંપની	સ્થળ (વિસ્તાર નું નામ જ્યાં લાગુ થાય ત્યાં)	ગ્રામ પંચાયત	બ્લોક	જિલ્લો	કેટેગરી	માર્કેટ નો પ્રકાર/ એલ પી જી વિતરક, શહેરી/ આર - અર્બન/ ગ્રામીણ/ દુર્ગમ ક્ષેત્રિય વિતરક	જરૂરી અનામત ની રકમ(રૂપીયા લાખ માં) સિક્યુરિટી ડિપોઝિટ	માર્કેટિંગ પ્લાન
1	બીપીસી	જેસવાડા	જેસવાડા	ગરબાડા	દાહોદ	ઓપન	ગ્રામીણ	4.0	2017-18
2	બીપીસી	કાલીબેલ	કાલીબેલ	ડાંગ	ડાંગ	ઓપન	ગ્રામીણ	4.0	2017-18
3	એચપીસી	વેહાવલ	વેહાવલ	મહુવા	સુરત	ઓપન	ગ્રામીણ	4.0	2017-18
4	આઇઓસી	ડોલરિયા	ડોલરિયા	છોટાઉદેપુર	છોટાઉદેપુર	ઓપન	ગ્રામીણ	4.0	2017-18

****અહી વાપરવામાં આવનાર પારિભાષિક શબ્દો :**

ઓપન — ઓપન (સામાન્ય) કેટેગરી

એસ.સી/એસ.ટી — અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ

ઓબીસી — અન્ય પછાત જાતિ

1) સામાન્ય રીતે એલપીજી વિતરક તરીકેના યોગ્યતાના માપદંડ અને એલપીજી માટેનું સંગ્રહ સ્થાન (ગોડાઉન), શોરૂમ માટેની જમીન, અથવા તૈયાર શોરૂમ, તે માટે જરૂરી અદ્યાર માળખું, હોમ ડિલિવરીની યોગ્ય વ્યવસ્થા, તથા તે માટેનું જરૂરી સંકલન, માળખું જેવી માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ છે, જેમાં વિતરકની નિયુક્તિ, વગેરે માત્રની જરૂરી માહિતી પ્રકાશિત કરવામાં આવેલી છે. આ માહિતી પુસ્તિકા તેલ વિતરણ કંપનીની વેબ સાઇટ www.iocl.com, www.ebharatgas.com, www.bharatpetroleum.in, www.hindustanpetroleum.com ઉપરથી ડાઉન લોડ કરી શકશે. આ પુસ્તિકા www.lpgvitarakchayan.in ઉપર પણ પ્રાપ્ત રહેશે.

2) ઉપરોક્ત માહીતી પુસ્તિકામાં પ્રદર્શિત જરૂરી માપદંડો ધરાવતા વ્યક્તિઓ, ગ્રામીણ વિતરક સ્થળ માટે www.lpgvitarakchayan.in વેબ સાઇટ ઉપર લોગ-ઇન કરીને રજીસ્ટર કરાવી લેશે. એકવાર રજીસ્ટર કરાવી લીધા બાદ તેઓ લોગિન કરીને જરૂરી માહિતી ઓનલાઈન તારીખ 27.03.2019 ના 17:00 કલાક સુધી ભરી શકશે. ફોર્મના જમા કરાવનાર ઉમેદવારે પોતાના પાસપોર્ટ સાઇઝ ફોટો અને હસ્તાક્ષર સ્કેન કરી અલગ ફાઇલમાં અપલોડ કરવાના રહેશે. સાથે સાથે પરત ના આપવા પાત્ર અરજીની ફી ઇન્ટરનેટ બેંકિંગ/ડેબિટ કાર્ડ/ ક્રેડિટ કાર્ડ થકી ભરવાની સુવિધા www.lpgvitarakchayan.in વેબ સાઇટ ઉપર આપવામાં આવી છે, ત્યાં ભરવાની રહેશે. ગ્રામીણ વિતરક માટે નોન રિફંડેબલ અરજીની ફી નું પત્રક નીચે દર્શાવેલ છે.

ગ્રામીણ વિતરક જગ્યાઓ માટેની ફી નું પત્રક

શ્રેણી	બિન પરત કરવા પાત્ર અરજીની ફી.
ઓપન	₹ 8000/- (રૂપિયા આઠ હજાર પૂરા) **
એસસી / એસટી	₹ 2500/- (રૂપિયા બે હજાર પાંચસો પૂરા)

**એસસી/એસટી શ્રેણીના ઉમેદવારો જ્યારે ઓપન શ્રેણી હેઠળ ગ્રામીણ વિતરક સ્થળો માટેની ઉમેદવારી કરતાં હોય ત્યારે તેઓએ બિન પરત મળવા પાત્ર અરજી ફી ₹2500 (બે હજાર પાંચસો) ભરી શકશે. પરંતુ ઓબીસી શ્રેણીના ઉમેદવારો જ્યારે ઓપન શ્રેણી હેઠળ ઉમેદવારી કરતાં હોય ત્યારે તેઓએ સામાન્ય શ્રેણીને લાગુ છે તેવી બિન પરત મળવા પાત્ર અરજી ફી ભરી અરજી કરી શકશે.

3) ઉમેદવારોએ વધુ માહિતી માટે માહિતી પુસ્તિકા વાંચી લેવી. ઓનલાઇન અરજી પત્રક ભરતા પહેલા એલપીજી વિતરક ચયનની માહિતી પુસ્તિકા વાંચી લેવી જરૂરી છે. LPG Vitarak Chayan પુસ્તિકા, www.lpgvitarakchayan.in વેબ સાઇટ ઉપર પ્રાપ્ત થશે.

4) ઓનલાઇન અરજી ભર્યા બાદ કોઇ પણ કાર્યાલય ઉપર પ્રત્યક્ષ રીતે અરજી પત્રક કે તેની નકલો, સંલગ્ન કાગળો વગેરે માગ્યા સિવાય આપવું જરૂરી નથી. જો ભવિષ્યમાં જે તે ઉમેદવારનું ચયન કરવામાં આવે, અને તેની પસંદગી ડ્રો માં થાય, તો આવા ઉમેદવારે ચકાસણી દરમિયાન પોતાના મૂળ સર્ટિફિકેટો દર્શાવવાના રહેશે. વધુ માહિતી માટે માહિતી પુસ્તિકા જોવી.

5) સામાન્ય :

i) ઈંડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસી) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસી) આ જાહેરાતમાં સુધારો કરવાનો/ રદ કરવાનો/પરત ખેંચવાનો/અરજી પરત લેવાની તારીખ લંબાવવાનો કોઇ પણ જાતના કારણો આપ્યા વિના પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

ii) જ્યારે જુદા જુદા સ્થળો માટે અરજી કરવામાં આવેલી હોય, ત્યારે પ્રત્યેક સ્થળ માટે અલાયદું ઓનલાઇન પત્રક તેની સાથેના સંલગ્ન દસ્તાવેજો સહ જુદી જુદી બિન પરત મળવા પાત્ર અરજી ફી સહ ભરવાની રહેશે. એક સ્થળ માટે માત્ર એક અરજી કરી શકાશે.

iii) જો કોઇ સંજોગોમાં આપવામાં આવેલું નિવેદન/સ્પષ્ટિકરણ અરજી સાથે જોડવામાં આવેલ હોય, અને કોઇ પણ વખતે તે અધૂરી માહિતીવાળો/અર્ધ/ખૂટો સાબિત થાય ત્યારે કોઇ પણ કારણ આપ્યા સિવાય તે અરજી રદથવાને પાત્ર રહેશે. અને જો ઉમેદવાર ની એલપીજી વિતરક તરીકેની નિમણૂક થયેલ હોય, તેવા સંજોગોમાં તેમની વિતરક તરીકેની નિમણૂક પણ રદ થવાને પાત્ર થશે, અને તેની બિન પરત મળવા પાત્ર ફી/સિક્યુરિટી અનામતની રકમ પણ જમા લેવામાં આવશે. આવા વખતે ઉમેદવાર આવી ફી પરત લેવાનો કોઇ અધિકાર ધરાવશે નહીં.

iv) આ માત્ર અરજી આમંત્રિત કરવાની વિજ્ઞાપન છે, અને વિતરક તરીકેની કોઇ પણ ઓફર નથી.

v) કોઇ પણ પત્ર વ્યવહાર www.lpgvitarakchayan.in વેબ સાઇટ ઇ-મેઇલ દ્વારા કરવાનો રહેશે. ઉમેદવારે રજિસ્ટર્ડ મોબાઇલ ઉપર અથવા તેના ઇ-મેઇલ ઉપર અથવા SMS દ્વારા કરી શકશે.

vi) આ માત્ર ધંધાને આવકારતું જાહેરનામું છે. અને નોકરી માટેની જાહેરાત નથી. ધંધાના સામાન્ય જોખમોનો યોગ્ય અભ્યાસ કર્યા બાદ અરજી કરવી. કોઇ પણ આવકની ગેરંટી આપતી નથી.

vii) અંગ્રેજી ભાષામાં પ્રકાશિત જાહેરાતમાં કોઇ પણ ભૂલ ચૂક હોય તો તેનું સ્થાનિક ભાષાનું રૂપ માન્ય રહેશે.

viii) જો www.lpgvitarakchayan.in વેબ સાઇટ ઉપર પ્રકાશિત જાહેરાત અને જાહેરાતમાં કોઇ પણ વિસંગતા હોય તો પ્રસિધ્ધ જાહેરાત માન્ય રહેશે.

ix) અરજી કરનારના બેન્ક ખાતામાંથી પૈસાનો ઉપાડ થયેલો હોય, અને જે તે તેલ કંપની (ઈંડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસી) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસી) ના ખાતામાં જમા થયેલા ના હોય તો તેની જવાબદારી તેલ કંપનીઓની રહેશે નહીં.

x) ઈંડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસી) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસી) જો કોઇ વધારાની રકમ ઓનલાઇન ભરાઇ હોય તો તે માટે તથા તેના ખાતામાંથી અથવા ડેબિટ/ક્રેડિટ કાર્ડના પેમેન્ટ માટે જવાબદાર રહેશે નહીં.

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

PAHAL

#GiveItUp
Feel the Joy of Giving

उज्ज्वला